# સીટી ઓફ બ્રેમ્પટન આઉટડોર રિક્રિએશનલ એમેનિટીસ મે 22 થી સુરક્ષિત રીતે રિઓપન કરવાની તૈયારીઓ કરી રહ્યું છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (મે 20, 2021) – ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોની આજની ઘોષણા પછી, સીટી ઓફ બ્રેમ્પટન મે 22, 2021 થી પોતાની આઉટડોર મનોરંજનલક્ષી સવલતો સુરક્ષિત રીતે રિઓપન કરવાની તૈયારી કરી રહ્યું છે.

**આઉટડોર મનોરંજનલક્ષી સવલતો**

છૂટ અપાનારી આઉટડોર મનોરંજનલક્ષી સવલતોમાં ગોલ્ફ કોર્સીસ અને ડ્રાઇવિંગ રેન્જીસ, સોકર અને અન્ય રમતના મેદાનો, બેઝબૉલ ડાયમન્ડ્સ અને બેટિંગ કેજીસ, ટેનિસ અને બાસ્કેટબૉલ કોર્ટ્સ, લૉન બોલિંગ અને બૉચી, અને BMX અને સ્કેટ પાર્ક્સનો સમાવેશ થાય છે.

અત્યારે છૂટ ન મેળવનાર સવલતો

આ સમયે મેદાનો કે કોર્ટ્સ પર આઉટડોર ફિટનેસ વર્ગો અને ટીમ રમતોની (પ્રેક્ટિસ સહિત) પરવાનગી આપવામાં આવી નથી. આઉટડોર પૂલ્સ અને સ્પ્લૅશ પૅડ્સ બંધ રહે છે.

વધુ માહિતી અને બુકિંગ્સ માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/recreation

**સામાજિક હળવું-મળવું**

સામાજિક હળવા-મળવામાં અને આયોજિત જાહેર કાર્યક્રમો માટે આઉટડોર સીમા પાંચ લોકો સુધી લંબાવવામાં આવશે, જેમાં આ આઉટડોર સવલતોનો ઉપયોગ જુદા જુદા ઘરોના સભ્યો સહિત,પાંચ લોકો સુધી કરવાની છૂટ મળશે.

**જાહેર આરોગ્ય ઉપાયો માટે અદ્યતન માહિતી**

પ્રોવિન્સનો નવો ઘોષિત રોડમેપ ટુ રિઓપન ત્રણ પગલાનો પ્લાન છે જે પ્રોવિન્સને સુરક્ષિત રીતે અને સાવચેતીપૂર્વક રિઓપન કરે છે અને મહત્વના જાહેર આરોગ્ય અને આરોગ્ય સંભાળ સૂચકાંકોમાં સમગ્ર પ્રોવિન્સમાં રસીકરણ દર અને સુધારાઓના આધારે જાહેર આરોગ્ય ઉપાયો ધીરે ધીરે ઉઠાવી લેવામાં આવશે.

પ્રોવિન્સને આવરી લેતી કટોકટીની ઘોષણા અને ઘરે રહેવાનો હુકમ ઓછાંમાં ઓછો જૂન 2, 2021 સુધી અમલમાં રહે છે. ઘરે રહેવાના હુકમમાં ગ્રોસરી સ્ટોર કે ફાર્મસીમાં ખરીદી કરવા જવું, આરોગ્ય સંભાળ સેવાઓ મેળવવી, વ્યાયામ માટે અથવા અનિવાર્ય કામકાજ માટે બહાર જવું જેવા અનિવાર્ય હેતુઓ સિવાય દરેક વ્યક્તિએ ઘરે રહેવું અનિવાર્ય છે.

પ્રોવિન્સનું સમાચાર પ્રકાશન અહીં વાંચો.

**સીટી સર્વિસીસ અને ફેસિલિટીસ**

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો
સીટી હૉલ અને કોર્પોરેટ સગવડોમાં રૂબરૂ સેવાઓ માત્ર એપોઇન્ટમેન્ટથી ખુલ્લી છે. વૉક-ઇન્સને પરવાનગી નથી. એપોઇન્ટમેન્ટ બૂક કરાવવા,

વેબસાઈટ જુઓ www.brampton.ca/skiptheline.

સીટી રિક્રિએશન સેન્ટર્સ
સીટી ઓફ઼ બ્રેમ્પટનની બધી રિક્રિએશન સગવડો જાહેર જનતા માટે બંધ રહેશે અને ઈનડોર પ્રોગ્રામ્સ આગળ નોટિસ આપતા સુધી રદ રહેશે.

**રસીકરણ**

12 કે વધારે વર્ષની બ્રેમ્પટન સહિત, પીલમાં રહેતી, કામ કરતી કે સ્કૂલે જતી બધી વ્યક્તિઓ, હવે પસંદ કરેલા ક્લિનિક્સમાં COVID-19 વેક્સિન એપોઇન્ટમેન્ટ નોંધાવી શકે છે. રીજીયન ઓફ઼ પીલની બુકિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને 12 થી 15 વર્ષની ઉંમરની વ્યક્તિઓ માટે એપોઈન્ટમેન્ટ્સ અચૂક ઓનલાઇન બુક કરાવવી રહી. જો કોઈને બુકિંગ કરાવવામાં મદદ જોઇતી હોય તો, તેઓ રીજીયન ઓફ઼ પીલની COVID-19 વેક્સિનેશન લાઇનને 905.791.5202 નંબર પર, સવારે 8 થી રાત્રે 8 વાગ્યા સુધી, અઠવાડિયામાં 7 દિવસ કૉલ કરી શકે છે.

COVID-19 રસીકરણ પર સૌથી અદ્યતન માહિતી માટે, પ્રોવિન્સનું વેક્સિન પોર્ટલ જુઓ.

**કડીઓ (લિંક્સ)**

- સીટી ઓફ઼ બ્રેમ્પટન COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ
- સીટી ઓફ઼ બ્રેમ્પટન – શું ખુલ્લું છે, શું બંધ છે
- COVID-19 નાં લક્ષણો
- COVID-19 વેક્સીન (રસી)
- બ્રેમ્પટનમાં ટેસ્ટિંગ
- સેલ્ફ઼-આઈસોલેટ કેવી રીતે થવું
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- પીલમાં COVID-19 નાં કેસીસ

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca